## Directorate of Information

# Media Coverage Report

## Date : 28-01-2025




**25મી જાન્યુઆરી 2025ના રોજ મેટ્રોએ સૌથી વધુ મુસાફરીનો (Passenger Journey) માઇલસ્ટોન હાંસલ કર્યો.**

ગુજરાત સમાચાર

### સામાન્ય દિવસ કરતાં આવકમાં બમણો વધારો

# મેટ્રોને કોન્સર્ટ ફળી : બે દિવસમાં રૂપિયા ૬૬ લાખથી વધુની આવક

અમદાવાદ,સોમવાર

કોલ્ડપ્લેનું આયોજન મેટ્રો રેલને પણ ફળ્યું છે. ૨૫ જાન્યુઆરીના રેકોર્ડ ૨.૧૩ લાખ જ્યારે ૨૬ જાન્યુઆરીના ૧.૯૧ લાખ મુસાફરો નોંધાયા હતા અને જેનાથી રૂપિયા ૬૬ લાખથી વધુની આવક થઈ છે.


## ૨૫મીએ એક દિવસમાં રેકોર્ડ ૨.૧૩ લાખ જ્યારે ૨૬મીએ ૧.૯૧ લાખ મુસાફરો

ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન દ્વારા જારી વિગત અનુસાર કોલ્ડપ્લેની પ્રથમ કોન્સર્ટ ૨૫મીએ યોજાઈ ત્યારે ૨,૧૩,૭૩૫ મુસાફરોથી રૂપિયા ૩૪ લાખથી વધુની આવક થઇ હતી. જે એક જ દિવસમાં મેટ્રોમાં સૌથી વધુ મુસાફરો અને આવકનો નવો રેકોર્ડ છે. ૨૬મીએ કોલ્ડપ્લેની બીજી કોન્સર્ટમાં ૧,૯૧,૫૨૯ મુસાફરોથી રૂપિયા ૩૨ લાખની આવક થઇ હતી. કોલ્ડપ્લે કોન્સર્ટ દરમિયાન છેલ્લા બે સપ્તાહમાં શનિવાર-રવિવારની સરખામણીએ દરરોજની લગભગ ૧ લાખથી વધુ મુસાફરી મેટ્રોમાં થઇ હતી.

અમદાવાદ મેટ્રો દ્વારા દરરોજની નિયમિત ૩૧૩ મેટ્રો ટ્રેનની ટ્રીપ ઉપરાંત ૨૫મીએ દિવસ દરમિયાન ૯૩ વધારાની ટ્રેન જ્યારે ૨૬મીએ ૧૧૪ વધારાની ટ્રીપ દોડાવાઇ હતી.

**મેટ્રોમાં એક જ દિવસમાં સૌથી વધુ મુસાફરો**

| તારીખ | મુસાફરો | ટ્રીપ | કારણ |
|---|---|---|---|
| ૨૫ જાન્યુ. ૨૦૨૫ | ૨,૧૩,૭૩૫ | ૪૦૬ | કોલ્ડપ્લે |
| ૨૬ જાન્યુ. ૨૦૨૫ | ૧,૯૧,૫૨૯ | ૪૨૭ | કોલ્ડપ્લે |
| ૧૪ ઓક્ટો. ૨૦૨૩ | ૧,૪૨,૯૭૨ | ૩૮૩ | ભારત-પાક. મેચ |
| ૧૯ નવે. ૨૦૨૩ | ૧,૩૭,૮૦૧ | ૩૮૫ | વર્લ્ડકપ ફાઈનલ |
| ૨૨ મે ૨૦૨૪ | ૧,૬૫,૫૦૪ | ૪૩૯ | આઈપીએલ ફાઈનલ |



નવગુજરાત સમય

#### 25-26 જાન્યુઆરીએ કુલ 4.05 લાખ મુસાફરો નોંધાયા

# ભારત-પાક.ની મેચ કરતા પણ કોલ્ડ પ્લે માટે મેટ્રોમાં મુસાફરીનો રેકોર્ડ બ્રેક

## મેટ્રો ટ્રેનની વધારાની 207 ટ્રીપ દોડાવાઇ


**નવગુજરાત સમય** > ગાંધીનગર

અમદાવાદમાં ચાલતી મેટ્રો રેલમાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં યોજાયેલી કોલ્ડ પ્લે કોન્સર્ટના કારણે બે દિવસમાં રેકોર્ડ બ્રેક 4.05 લાખ મુસાફરો નોંધાયા છે. જેમાં 25 જાન્યુઆરીએ એક જ દિવસમાં કોન્સર્ટના બે દિવસ દરમિયાન મેટ્રો ટ્રેનની નિયમિત ઉપરાંત 207 વધુ ટ્રીપ દોડાવવામાં આવી હતી. આ રેકોર્ડ અગાઉ ભારત-પાકિસ્તાનની ક્રિકેટ મેચ અને આઇપીએલની ફાઇનલમાં સૌથી વધુ મુસાફરો નોંધાયા હતા.

અમદાવાદ અને તે પછી ગાંધીનગરમાં દોડતી થયેલી મેટ્રો ટ્રેન પબ્લીક ટ્રાન્સપોર્ટ માટે ઉત્તમ હોવા છતાં સામાન્ય દિવસોમાં ક્ષમતા કરતા ઓછા મુસાફરો મુસાફરી કરતા હોય છે. તેના કારણે વર્ષે કરોડો રૂપિયાની ખોટ પણ રાજ્ય સરકાર ભોગવે છે. જો કે અમદાવાદમાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં મોટા કાર્યક્રમ યોજાય તેના થકી મેટ્રોને વધુ મુસાફરોનો ફાયદો થતો હોય છે. 25 અને 26 જાન્યુઆરી દરમિયાન સ્ટેડિયમમાં યોજાયેલી મ્યુઝિક કોન્સર્ટના કારણે મેટ્રોએ સૌથી વધુ મુસાફરીનો માઇલ સ્ટોન હાંસલ કર્યો છે. મેટ્રોમાં 25મીએ મેટ્રોમાં 2,13,735 અને 26મીએ 1,91,529 મુસાફરોએ મુસાફરી કરી હતી. છેલ્લા બે સપ્તાહ દરમિયાન શનિવાર અને રવિવારની સરખામણીમાં 25 અને 26મીએ રોજ એક લાખથી વધુ મુસાફરી નોંધાઇ છે. આ દિવસો દરમિયાન એક દિવસના સરેરાશ 50 હજાર વધારાના મુસાફરોએ આવવા-જવા માટે મેટ્રોનો ઉપયોગ કર્યો હતો. તેના કારણે બે દિવસમાં કુલ 4,05,264 મુસાફરીનો રેકોર્ડ થયો હતો. જીએમઆરસી દ્વારા મેટ્રોની નિયમિત 313 ટ્રીપ ઉપરાંત 25મીએ વધારાની 93 અને 26મીએ 113 વધારાની ટ્રીપ દોડાવાઇ હતી.

સ્ટેડિયમમાં ક્રિકેટ વર્લ્ડ કપ અને આઇપીએલની મેચ યોજાતી હોય છે તે દરમિયાન 14 ઓક્ટોબર-2023માં પાકિસ્તાન સામે મેચ હતી તે દિવસે સૌથી વધુ 1,42,972 મુસાફરો નોંધાયા હતા. તે પછી 19 નવેમ્બર-2023એ વર્લ્ડ કપ ફાઇનલમાં 1,37,801 અને 22 મે-2024એ આઇપીએલની ફાઇનલ મેચમાં 1,65,504 મુસાફરો નોંધાયા હતા. આ દિવસોમાં પણ વધારાની 383થી 439 ટ્રીપ દોડાવાઇ હતી.





# સંદેશ

## અમદાવાદ મેટ્રોમાં બે દિવસમાં 4 લાખથી વધુ લોકોએ પ્રવાસ કર્યો


| દિવસ | પેસેન્જર્સની સંખ્યા | ટ્રીપ્સ |
|---|---|---|
| શનિવાર | 2,13,735 | 406 |
| રવિવાર | 1,91,529 | 427 |
| **કુલ** | **4,05,264** | **833** |

**કોન્સર્ટ માટે** રેકોર્ડબ્રેક 2.5 લાખ મુલાકાતીઓ આવ્યા અને 1.70 લાખથી વધુ લોકો ગુજરાત બહારથી આવ્યા

- આ પહેલા 2023માં વર્લ્ડ કપની ભારત-પાક. મેચ વખતે 1.42 લાખ તો વર્લ્ડ કપની ફાઈનલ મેચ વખતે 1.37 લાખ લોકોએ મેટ્રોમાં મુસાફરી કરી હતી.

## બે દિવસમાં ૪.૫ લાખે મેટ્રોમાં મુસાફરી કરી, ૬૬ લાખ આવક થઇ


બે દિવસીય કોલ્ડ પ્લેમાં બે દિવસ દરમિયાન મેટ્રોમાં ૪.૫ લાખ મુસાફરોએ મુસાફરી કરી હતી. જેને લઇને મેટ્રોને ૬૬ લાખની આવક થવા પામી છે. તા. ૨૫મીએ મેટ્રોએ ૪૦૬ ટ્રીપમાં રેકોર્ડબ્રેક ૨,૧૩,૭૩૫ મુસાફરોએ મુસાફરી કરી હતી. જેના થકી ૩૪ લાખની આવક અને તા.૨૬ જાન્યુઆરીએ ૩૨ લાખની આવક થવા પામી હતી.



LET TRUTH PREVAIL

THE TIMES OF INDIA

**Ahmedabad Metro gets record riders:** Saturday and Sunday saw 4.05 lakh riders as daily numbers rose by nearly 1 lakh passengers — an unprecedented surge due to the concerts. Saturday marked a record high of 2.13 lakh riders, crossing the peak of 1.66 lakh during IPL final in May 2023.



The Indian EXPRESS

# Coldplay concerts record higher Metro footfall than key matches

EXPRESS NEWS SERVICE
AHMEDABAD, JANUARY 27

MORE PEOPLE used the Metro to travel to Narendra Modi stadium in Motera in Ahmedabad for the Coldplay concert than they did for cricket matches, including key World Cup ties in 2023.

On the first day of the concert, Saturday, the Metro recorded its highest figure of passenger journey. In a statement Monday, the Gujarat Metro Rail Corporation (GMRC) said, "GMRC has achieved its highest passenger journey 2,13,735 in Ahmedabad on January 25, 2025. Further 1,91,529 passenger journeys were achieved on January 26."

About 1 lakh additional passengers travelled on Metro trains during the British band's concert as compared to the Saturdays and Sundays in the previous two weeks, indicating that about 50,000 additional passengers utilised the Metro on each of these days resulting in additional 1 lakh journeys (counting both onwards and return trip) on each day.

Against 1.16-1.17 lakh passengers on previous Saturdays (January 11 and 18), Metro traffic stood at 2,13,735 on January 25. Against 92,000 to 1 lakh passengers on previous Sundays (January 12 and 19), the Metro recorded 1,91,529 passengers on January 26 – the second day of the concert.

These numbers also beat passenger traffic during key cricket matches. The previous highest traffic day for the Metro was 1,65,504 passengers on May 22, 2024, for the IPL 2024 Eliminator cricket match where Rajasthan Royals beat Royal Challengers Bangalore by four wickets. The Coldplay concert on January 25, 2025 beat this record despite 439 trips being scheduled for the match against 406 trips for the concert. Passengers heading to the stadium for the concert also beat the 1,37,801 passenger count recorded during the Men's Cricket World Cup 2023 final match where Australia beat India by six wickets on November 19, 2023.

It also beat the passenger count of 1,42,972 on October 14, 2023, during the Men's World Cup match when India beat Pakistan by seven wickets.

As per BookMyShow, 3.5 lakh people attended the five Coldplay concerts in India, with the highest on January 26, at 1.34 lakh.



**Visitors heading into Narendra Modi Stadium for Coldplay concert.** *Express*

## HIGHEST TRAFFIC DAYS

**JAN 25, 2025 (Coldplay concert): 2,13,735 passengers**

**JAN 26, 2025 (Coldplay concert): 1,91,529 passengers**

**MAY 22, 2024 (IPL eliminator match): 1,65,504 passengers**

**OCT 14, 2023 (India Vs Pakistan Men's World Cup): 1,42,972 passengers**

**NOV 19, 2023 (India Vs Australia World Cup final ): 1,37,801 passengers**

*Source: Gujarat Metro Rail Corporation Data*

AhmedabadMirror

# Coldplay effect: Over 4L take Metro in two days

## Trains made 93 extra trips, transport more than one lakh additional passengers during the concert weekend

REPRESENTATIONAL PICTURE



Ahmedabad Mirror Bureau
feedback@ahmedabadmirror.com

Posts @ahmedabadmirror

Over 4 lakh people rode the Metro during the last two days due to the Coldplay concert at the Narendra Modi Stadium in Motera. The Metro rail recorded its highest-ever passenger count, with 2,13,735 passengers on Saturday and 1,91,529 on Sunday.

According to GMRC, about one lakh additional passengers travelled on the metro trains during the concert compared to the previous two weekends. This means around 50,000 extra passengers used the metro each day. GMRC extended the metro service until 12:30 am on the Ahmedabad Metro (Motera to APMC and Vastral Gam to Thaltej Gam) lines. In addition to the regular 313 trips per day, 93 extra trips were made on Saturday, and 114 extra trips were made on Sunday. Turing cricket matches, the Metro also recorded a large number of passengers.

# राजस्थान पत्रिका

दूसरे दिन भी 1.91 लाख यात्री पहुंचे | कोल्ड प्ले कॉन्सर्ट के पहले दिन 25 जनवरी को सबसे ज्यादा यात्रियों ने किया सफर

## गुजरात मेट्रो का नया रेकॉर्ड, एक दिन में 2.13 लाख ने किया सफर

पत्रिका न्यूज नेटवर्क
patrika.com

**अहमदाबाद.** विश्व के सबसे बड़े नरेन्द्र मोदी क्रिकेट स्टेडियम में ब्रिटिश बैंड कोल्ड प्ले की म्यूजिक कॉन्सर्ट गुजरात मेट्रो रेल कोर्पोरेशन (जीएमआरसी-गुजरात मेट्रो) को काफी फली। इस कॉन्सर्ट के चलते गुजरात मेट्रो ने एक नया रेकॉर्ड बनाया है।



मेट्रो ट्रेन में 25 जनवरी 2025 को एक ही दिन में 2.13 लाख (213735) यात्रियों ने सफर किया है। यह अब तक का एक दिन में सबसे ज्यादा यात्रियों की संख्या है। कॉन्सर्ट के दूसरे दिन 26 जनवरी 2025 को भी मेट्रो ट्रेन में 191529 (1.91 लाख) यात्रियों ने सफर किया है। दो दिन में चार लाख पांच हजार 264 यात्रियों ने सफर किया। भीड़ को देख मध्यरात्रि बाद 12.30 तक मेट्रो ट्रेन संचालित की गई। हर आठ मिनट पर ट्रेन दौड़ी। बड़ी संख्या में लोग मेट्रो ट्रेन के जरिए स्टेडियम पहुंचे, जिससे मोटेरा इलाके में ट्रैफिक की ज्यादा समस्या भी नहीं हुई। अन्य लोग भी आसानी से स्टेडियम पहुंचे।

जीएमआरसी ने सोमवार को 25 और 26 जनवरी को मेट्रो में सफर करने वाले यात्रियों के आंकड़े सार्वजनिक किए। 25 जनवरी 2025 को मेट्रो ट्रेन में अब तक के सबसे ज्यादा 213735 यात्रियों ने सफर किया है। इसके लिए मेट्रो ने 406 फेरे लगाए। इतना ही नहीं 26 जनवरी 2025 को 191529 यात्रियों ने सफर किया। इसके लिए मेट्रो ट्रेन ने 427 फेरे लगाए। अमूमन मेट्रो हर दिन 313 फेरे लगाती है। 25 जनवरी को अतिरिक्त 93 फेरे और 26 को अतिरिक्त 114 फेरे लगाए गए।

**शनिवार-रविवार से दो गुने यात्री:** जीएमआरसी ने कहा कि शनिवार-रविवार को अमूमन एक लाख से ज्यादा यात्रियों ने मेट्रो में सफर किया। उसकी तुलना में कोल्ड प्ले कॉन्सर्ट के दिन एक लाख अतिरिक्त यात्रियों ने सफर किया।

### आईपीएल फाइनल मैच का रेकॉर्ड तोड़ा

**जीएमआरसी** के आंकड़े बताते हैं कि इससे पहले मेट्रो में एक दिन में 165504 यात्रियों ने 22 मई 2024 को आईपीएल के फाइनल मैच के दौरान सफर किया था। यह उस समय का रेकॉर्ड था। यह रेकॉर्ड कोल्ड प्ले के दौरान टूट गया।

### मेट्रो में एक दिन में सर्वाधिक यात्रियों का रेकॉर्ड

| | |
|---|---|
| 11 जनवरी 2025 | 117838 |
| 12 जनवरी 2025 | 101703 |
| 18 जनवरी 2025 | 116989 |
| 19 जनवरी 2025 | 92066 |
| 25 जनवरी 2025 | 213735 |
| 26 जनवरी 2025 | 191529 |
| 14 अक्टूबर 2024 | 141972 |

| | |
|---|---|
| (वर्ल्ड कप-भारत-पाक-फाइनल) | |
| 19 नवंबर 2024 | 137801 |
| (वर्ल्ड कप 2023 फाइनल क्रिकेट मैच) | |
| 22 मई 2024 | 165504 |
| (आईपीएल 2024 फाइनल मैच) | |

(स्त्रोत: जीएमआरसी आंकड़े)

### परिवहन राज्यमंत्री बोले, अच्छी खबर

परिवहन राज्य मंत्री हर्ष संघवी ने कहा कि आंकड़ों से पता चलता है कि बड़े आयोजनों के दौरान सार्वजनिक परिवहन के उपयोग में उल्लेखनीय वृद्धि हुई है। इन दिनों में अतिरिक्त मेट्रो ट्रेन चलाने के सरकारी प्रयासों को बड़ी सफलता मिली है। सामान्य दिनों की तुलना में 1 लाख अधिक यात्रियों ने मेट्रो से यात्रा की। यह टिकाऊ परिवहन और बड़े आयोजन की प्लानिंग की बड़ी जीत है।

પ્રકાશ ✕ પ્રગતિ ✕ પવિત્રતા

## નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતેના પૂર્ણ થયેલા કોન્સર્ટમાં

# મેટ્રોમાં ૪૦૫૨૬૪ મુસાફરીનો રેકોર્ડ બ્રેક આંકડો નોંધાયા

અમદાવાદ,તા.૨૭


ગત તા.૨૫ અને ૨૬ જાન્યુઆરી દરમિયાન નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે તાજેતરમાં પૂર્ણ થયેલા કોન્સર્ટમાં કુલ ૪,૦૫,૨૬૪ મુસાફરીનો રેકોર્ડ બ્રેકિંગ આંકડો નોંધાયો હતો. નોંધનીય છે કે, જીએમઆરસી એ અમદાવાદ મેટ્રો (મોટેરાથી એપીએમસી અને વસ્ત્રાલ ગામથી થલતેજ ગામ)માં મેટ્રો ટ્રેન સેવાને રાત્રીના ૧૨.૩૦ કલાક સુધી લંબાવી હતી. કોન્સર્ટ માટે મેટ્રો ટ્રેનો દર ૮ મિનિટે ચલાવવામાં આવી હતી.

### તા.૨૫મીએ ૯૩ અને તા.૨૬મીએ ૧૧૪ વધારાની ટ્રેનો દોડાવાઈ

અમદાવાદ મેટ્રો દ્વારા દરરોજની નિયમિત ૩૧૩ મેટ્રો ટ્રેનની ટ્રીપો ઉપરાંત ૨૫મી જાન્યુઆરીએ દિવસ દરમિયાન ૯૩ વધારાની ટ્રેન ટ્રીપો દોડાવવામાં આવી હતી. જ્યારે ૨૬મી જાન્યુ.એ ૧૧૪ વધારાની ટ્રીપો દોડાવવામાં આવી હતી.

વધુમાં આયોજકો, સુરક્ષા એજન્સીઓ, ટ્રાફિક અધિકારીઓ વગેરે સાથે યોગ્ય સંકલન કરવામાં આવ્યું હતું. જેના પરિણામે ભારે ભીડને હોવા છતાં પણ મેટ્રોમાં આ બે દિવસ દરમિયાન કોઈ અનિચ્છનીય ઘટના બની ન હતી.

રાજ્ય સરકાર, મ્યુનિ. કોર્પો. અમદાવાદ પોલિસ અને સુરક્ષા એજન્સીઓના સમર્થનને કારણે જ આ શક્ય બન્યું છે.



લોકસત્તા જનસત્તા


# અમદાવાદ મેટ્રોને કોલ્ડપ્લેનો કોન્સર્ટ ફળ્યો, મુસાફરોનો નવો રેકોર્ડ સર્જાયો

## બે દિવસ ૧ લાખથી વધુ મુસાફરોએ અમદાવાદ મેટ્રોની સેવાનો લાભ લીધો

અમદાવાદ તા.૨૭

ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન એ ૨૫મી અને ૨૬મી જાન્યુઆરી ૨૦૨૫ના રોજ એક મહત્વપૂર્ણ રેકોર્ડ બનાવ્યો છે. આ દરમિયાન અમદાવાદ મેટ્રોના ઈતિહાસમાં સૌથી વધુ મુસાફરોની સંખ્યા નોંધાઈ હતી. ૨૫મી જાન્યુઆરીએ આશ્ચર્યજનક રીતે ૨,૧૩,૭૩૫ મુસાફરો અને ૨૬મી જાન્યુઆરીએ ૧,૯૧,૫૨૯ મુસાફરોએ મેટ્રોની સેવાનો લાભ લીધો હતો.

કોલ્ડ પ્લે કોન્સર્ટ દરમિયાન છેલ્લા અઠવાડિયામાં શનિવાર અને રવિવારની સરખામણીમાં દરરોજ લગભગ ૧ લાખ લોકોએ મેટ્રો ટ્રેનમાં મુસાફરી કરી હતી. આ દિવસોમાં દરરોજ ૫૦,૦૦૦ વધારાના મુસાફરોએ અવર-જવર માટે મેટ્રોનો ઉપયોગ કર્યો હતો. ૨૫ અને ૨૫ જાન્યુઆરી ૨૦૨૫ દરમિયાન નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે યોજાયેલા કોન્સર્ટમાં કુલ ૪,૦૫,૨૬૪ મુસાફરીનો રેકોર્ડ બ્રેકિંગ આંકડો નોંધાયો હતો. નોંધનીય છે કે ધ્જીઆએ અમદાવાદ મેટ્રો (મેટેરાથી છૈસ્ઞ અને વસ્ત્રાલથી થલતેજ ગામ)માં મેટ્રો ટ્રેન સેવાને રાત્રે ૧૨:૩૦ વાગ્યા સુધી લંબાવી હતી. કોન્સર્ટ માટે દર આઠ મિનિટે મેટ્રો ટ્રેનો દોડાવવામાં આવી હતી. અમદાવાદ મેટ્રો દ્વારા નિયમિત ૩૧૩ મેટ્રોની ટ્રીપ ઉપરાંત ૨૫ જાન્યુઆરીએ ૯૩ વધારાની ટ્રેન ટ્રીપો દોડાવવામાં આવી હતી, જ્યારે ૨૬મી જાન્યુઆરીએ ૧૧૪ વધારાની ટ્રીપ દોડાવવામાં આવી હતી. કોલ્ડપ્લે કોન્સર્ટે ૨૦૨૩ના આઈસીસી વર્લ્ડ કપ મેચો અને ૨૦૨૪ની આઈપીએલ ફાઈનલ જેવી મોટી ક્રિકેટ ઈવેન્ટ્સ દરમિયાન નોંધાયેલા અગાઉના મુસાફરોના રેકોર્ડને પાછળ છોડી દીધા હતા. ઉદાહરણ તરીકે, ૧૪મી ઓક્ટોબર ૨૦૨૩ના રોજ ભારત-પાકિસ્તાન વર્લ્ડ કપ મેચમાં ૧,૪૨,૯૭૨ મુસાફરો નોંધાયા હતા, જ્યારે ૨૨મી મે ૨૦૨૪ના રોજ આઈપીએલ ફાઈનલમાં ૧,૬૫,૫૦૪ મુસાફરો નોંધાયા હતા. રાજ્ય સરકાર, અમદાવાદ મહાનગરપાલિકા, પોલીસ અને સુરક્ષા એજન્સીઓ સાથે મળીને, જીએમઆરસીએ સુરક્ષા પગલાં અમલમાં મૂક્યા હતા. કોન્સર્ટ જોવા માટે દેશ-વિદેશમાંથી ઉમટી પડેલી ભીડનું યોગ્ય સંચાલન અને ઈવેન્ટ આયોજકો સાથેના સંકલનથી ખાતરી આપી હતી.



JANMABHOOMI GROUP

॥ जननी जन्मभूमिश्च स्वर्गादपि गरीयसी ॥

જન્મભૂમિ

સૌરાષ્ટ્ર ટ્રસ્ટ પ્રકાશન

# કોલ્ડપ્લે કૉન્સર્ટ દરમિયાન અત્યાર સુધીમાં સૌથી વધુ મુસાફરોએ મેટ્રોનો લાભ લીધો


અમારા પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. ૨૭ : ગુજરાત મેટ્રો રેલ કૉર્પોરેશન (જીએમઆરસી) એ ૨૫મી અને ૨૬મી જાન્યુઆરી ૨૦૨૫ના રોજ એક મહત્ત્વપૂર્ણ રેકોર્ડ બનાવ્યો છે. આ દરમિયાન અમદાવાદ મેટ્રોના ઈતિહાસમાં અત્યાર સુધીમાં સૌથી વધુ મુસાફરોની સંખ્યા નોંધાઈ હતી. ૨૫મી જાન્યુઆરીએ આશ્ચર્યજનક રીતે ૨,૧૩,૭૩૫ મુસાફરો અને ૨૬મી જાન્યુઆરીએ ૧,૯૧,૫૨૯ મુસાફરોએ મેટ્રોની સેવાનો લાભ લીધો હતો.

કોલ્ડ પ્લે કૉન્સર્ટ દરમિયાન છેલ્લા અઠવાડિયામાં શનિવાર અને રવિવારની સરખામણીમાં દરરોજ લગભગ ૧ લાખ લોકોએ મેટ્રો ટ્રેનમાં મુસાફરી કરી હતી. આ દિવસોમાં દરરોજ ૫૦,૦૦૦ વધારાના મુસાફરોએ અવર-જવર માટે મેટ્રોનો ઉપયોગ કર્યો હતો.

૨૫ અને ૨૫ જાન્યુઆરી ૨૦૨૫ દરમિયાન નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે યોજાયેલા કૉન્સર્ટમાં કુલ ૪,૦૫,૨૬૪ મુસાફરીનો રેકોર્ડ બ્રેકિંગ આંકડો નોંધાયો હતો. નોંધનીય છે કે જીએમઆરસીએ અમદાવાદ મેટ્રો (મેટેરાથી એપીએમસી અને વસ્ત્રાલથી થલતેજ ગામમાં મેટ્રો ટ્રેન સેવાને રાત્રે ૧૨.30 વાગ્યા સુધી લંબાવી હતી. કૉન્સર્ટ માટે દર આઠ મિનિટે મેટ્રો ટ્રેનો દોડાવવામાં આવી હતી.

અમદાવાદ મેટ્રો દ્વારા નિયમિત ૩૧૩ મેટ્રોની ટ્રીપ ઉપરાંત ૨૫ જાન્યુઆરીએ ૯૩ વધારાની ટ્રેન ટ્રીપો દોડાવવામાં આવી હતી, જ્યારે ૨૬મી જાન્યુઆરીએ ૧૧૪ વધારાની ટ્રીપ દોડાવવામાં આવી હતી.



गुजरात वैभव

# कोल्डप्ले कॉन्सर्ट ने मेट्रो को नया यात्री रिकॉर्ड बनाया

**अहमदाबाद**

गुजरात मेट्रो रेल कॉरपोरेशन (जीएमआरसी) ने 25 और 26 जनवरी 2025 को एक महत्वपूर्ण रिकॉर्ड बनाया है। इस बीच अहमदाबाद मेट्रो के इतिहास में सबसे ज्यादा यात्रियों की संख्या दर्ज की गई. 25 जनवरी को 2,13,735 यात्रियों ने और 26 जनवरी को 1,91,529 यात्रियों ने मेट्रो सेवा का लाभ उठाया। कोल्डप्ले कॉन्सर्ट के दौरान पिछले सप्ताह शनिवार और रविवार की तुलना में हर दिन लगभग 1 लाख लोगों ने मेट्रो ट्रेन से यात्रा की। इन दिनों में प्रतिदिन 50,000 अतिरिक्त यात्रियों ने आवागमन के लिए मेट्रो का उपयोग किया।

